ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in
SGCCI

Ref no. PN 2026-27/88 Dt. 31/08/2026

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# પોલિએસ્ટર યાર્નમાં અસામાન્ય ભાવવધારાથી ટેક્સટાઇલ ઉદ્યોગ પર સંકટ: કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહને ચેમ્બરનો વિસ્તૃત પત્ર

## ક્રૂડ અને કરન્સીની સરખામણીએ યાર્નમાં પ્રતિ કિલો ₹20 સુધીનો ગેરવાજબી બોજ; કસ્ટમ્સ ડ્યુટી મુક્તિ અને પ્રાઇસ મોનિટરિંગ કમિટી રચવા અશોક જીરાવાલાની માગ

## સુરત ક્લસ્ટરમાં દર મહિને 1.52 લાખ મેટ્રિક ટન પોલિએસ્ટર યાર્નનો વપરાશ; અનિયંત્રિત ભાવવધારાથી એમએસએમઈ વણાટકારો-ટેક્સચરાઇઝર્સ સંકટમાં

### ક્રૂડમાં દર $5ના ફેરફાર સામે મેલ્ટમાં ₹ 2નો વૈશ્વિક નિયમ છતાં સ્થાનિક સ્તરે પ્રતિ કિલો ₹7.92નો અસામાન્ય પ્રીમિયમ બોજ

### મેલ્ટથી POY વચ્ચેનો કન્વર્ઝન ડેલ્ટા ₹16 થી વધીને સીધો ₹29 પહોંચ્યો; ડાઉનસ્ટ્રીમ ઇન્ડસ્ટ્રીને અસહ્ય નુકસાન

### MEG અને PTA પર 6 થી 12 મહિના માટે BCD મુક્તિ પુનઃ લાગુ કરવા અને POY -DTYની આયાત સરળ બનાવવા ભારપૂર્વક રજૂઆત

**સુરત, 31 ઓગસ્ટ 2026:**

કેન્દ્ર સરકાર દ્વારા 15 જુલાઈ 2026થી MEG અને PTA પરની બેઝિક કસ્ટમ્સ ડ્યુટી (BCD) મુક્તિ હટાવી લેવાયા બાદ સ્થાનિક સ્તરે પોલિએસ્ટર મેલ્ટ (MELT) અને POYના ભાવોમાં થયેલા અસામાન્ય વધારા અંગે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા કેન્દ્રીય ટેક્સટાઇલ મંત્રી શ્રી ગિરિરાજ સિંહને એક વિસ્તૃત તકનીકી પત્ર અને ડેટા એનાલિસિસ રિપોર્ટ પાઠવવામાં આવ્યો છે.

24 ઓગસ્ટ 2026ના રોજ ટેક્સટાઇલ મંત્રાલય સાથે યોજાયેલી ઓનલાઇન બેઠકના અનુસંધાને ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સમગ્ર પોલિએસ્ટર વેલ્યુ ચેઇનમાં ઊભા થયેલા કૃત્રિમ ભાવવધારા અને તેનાથી સુરત સહિત દેશભરના ડાઉનસ્ટ્રીમ ટેક્સટાઇલ ઉદ્યોગને થઈ રહેલા નુકસાન અંગે વિસ્તૃત વિગતો રજૂ કરી છે.

### શું છે 'ડેલ્ટા' અને કેમ વધ્યો ₹20નો ગેરવાજબી બોજ?

કોમોડિટી માર્કેટમાં કાચા માલ (ક્રૂડ ઓઇલ)ના ભાવમાં થતા ફેરફારની સામે તેના ડેરિવેટિવ્ઝ (PTA, MEG, MELT, POY)ના ભાવોમાં કેટલો વધઘટ થાય છે તેને **'ડેલ્ટા રેશિયો'** કહેવાય છે.

**ચેમ્બરે બે વર્ષના ડેટાના આંકડાકીય વિશ્લેષણ સાથે** સરકાર સમક્ષ સ્પષ્ટ કર્યું છે કે:

- **મેલ્ટ સ્ટેજ પર તફાવત:** આંતરરાષ્ટ્રીય થમ્બ રૂલ મુજબ ક્રૂડ ઓઇલમાં પ્રતિ બેરલ $5નો ફેરફાર થાય ત્યારે પોલિએસ્ટર મેલ્ટના ભાવમાં ₹2 પ્રતિ કિલો (અથવા પ્રતિ $1 દીઠ ₹0.40 થી ₹0.42)નો બદલાવ આવવો જોઈએ. જો કે, 22 ઓગસ્ટ 2026ના રોજ બ્રેન્ટ ક્રૂડ $92.74 હતું ત્યારે મેલ્ટનો આદર્શ ભાવ ₹97.81 પ્રતિ કિલો હોવો જોઈતો હતો, જેની સામે સ્થાનિક ભાવ ₹105.73 વસૂલાયો હતો. આમ, મેલ્ટ સ્ટેજ પર જ પ્રતિ કિલો **₹7.92નો અસામાન્ય વધારો** ઝીંકાયો છે.
- **મેલ્ટ-ટુ-POY ડેલ્ટામાં તોતિંગ ઉછાળો:** સામાન્ય સ્થિતિમાં મેલ્ટમાંથી POY બનાવવા માટેનો કન્વર્ઝન ડેલ્ટા (ખર્ચ + વાજબી નફો) સામાન્ય રીતે **₹15 થી ₹16 પ્રતિ કિલો** હોય છે. આ ડેલ્ટા પશ્ચિમ એશિયા કટોકટી અને BCD મુક્તિ હટ્યા બાદ વધીને સીધો **₹29.07 પ્રતિ કિલો**એ પહોંચી ગયો છે. એટલે કે POY સ્ટેજ પર વધુ **₹12 પ્રતિ કિલોનો વધારાનો ડેલ્ટા બોજ** લાદવામાં આવ્યો છે.
- **કુલ અસહ્ય બોજ:** મેલ્ટ સ્ટેજના ₹7.92 + POY કન્વર્ઝન ડેલ્ટાના ₹12 મળીને સ્થાનિક વણાટકારો અને ટેક્સચરાઇઝર્સ પર પ્રતિ કિલો **અંદાજે ₹20થી વધુનો ગેરવાજબી વધારાનો બોજ** આવી રહ્યો છે, જેના કારણે ભારતીય ઉત્પાદનો વૈશ્વિક બજારમાં અસ્પર્ધાત્મક બની રહ્યા છે.

### સુરત ક્લસ્ટર પર સીધી અસર

સુરત ક્લસ્ટરમાં દર મહિને અંદાજે 1.52 લાખ મેટ્રિક ટન પોલિએસ્ટર યાર્નનો વપરાશ થાય છે, જેમાં 60% DTYનો સમાવેશ થાય છે. સ્થાનિક સ્તરે મેલ્ટનું 80% ઉત્પાદન માત્ર એક જ મોટી ઉત્પાદક કંપની પાસે કેન્દ્રિત હોવાથી ભાવ નિર્ધારણમાં એકતરફી સ્થિતિ સર્જાય છે. ચીનના ઉત્પાદકોને ભારતીય ઉત્પાદકો કરતાં POY પ્રતિ કિલો ₹15 સસ્તું મળતું હોવાથી સ્થાનિક MSME વિવર્સની મૂડી ધોવાઈ રહી છે અને રોજગારી પર જોખમ ઊભું થયું છે.

### ચેમ્બર દ્વારા સરકાર સમક્ષ કરાયેલી તાકીદની માંગણીઓ

- **કસ્ટમ્સ ડ્યુટી મુક્તિ:** MEG અને PTA પરની બેઝિક કસ્ટમ્સ ડ્યુટી (BCD) મુક્તિ તાત્કાલિક ધોરણે આગામી 6થી 12 મહિના માટે લંબાવવી.
- **યાર્ન આયાત સરળ બનાવવી:** સ્થાનિક અછત નિવારવા અને સ્પર્ધા ઊભી કરવા POY અને DTY પરથી પણ અસ્થાયી ધોરણે કસ્ટમ્સ ડ્યુટી હટાવવી તેમજ કન્ટેનર ભાડામાં રાહત આપવી.
- **પ્રાઇસ મોનિટરિંગ સિસ્ટમ:** આંતરરાષ્ટ્રીય કાચા માલના ભાવો અને કરન્સી રેટના આધારે દર પખવાડિયે પારદર્શક બેન્ચમાર્ક નક્કી કરતી પ્રાઇસ મોનિટરિંગ સિસ્ટમ અમલમાં મૂકવી.

- **પ્રાઇસ સ્ટેબિલાઇઝેશન કમિટી:** ટેક્સટાઇલ મંત્રાલય, કાચા માલના ઉત્પાદકો, વિવર્સ, ટેક્સચરાઇઝર્સ અને SGCCIના પ્રતિનિધિઓ સાથે સંયુક્ત 'પ્રાઇસ સ્ટેબિલાઇઝેશન કમિટી'ની રચના કરવી.
- **MSMEને વર્કિંગ કેપિટલ સપોર્ટ:** અસામાન્ય ભાવવધારાથી પ્રભાવિત નાના એકમો માટે વ્યાજ સબવેન્શન અને સુરતમાં પાવરટેક્સ યોજના હેઠળ 20 યાર્ન બેન્કની સ્થાપના કરવી.